ગાંધીનગર **તાપમાન**

મહત્તમ : ૩૯.૬ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૨૪ ટકા

# કોરોનાની કટોકટીમાં કેમેરાની 'કિલક'..!!

સંકલન : સમીર રામી

## પીડીપીયુની એનસીસી કેડેટસ વિદ્યાર્થીનીઓએ કોરોના સામે જનજાગૃતિના પોસ્ટર્સ બનાવ્યા...!!







લૉકડાઉનના સમયમાં ઘરમાં રહીને બોર થઈ રહેલા નાગરિકો સમય પસાર કરવા જાત નવા અખતરાં કરતાં જોવા મળી રહ્યા છે. જેમાં વિવિધ રમતો રમવાથી માંડને નવી કળાઓ શિખવા સુધીના કાર્યોનો સમાવેશ થાય છે. વળી સરકારના પ્રસાર ભારતી વિભાગ દ્વારા રામાયણ, મહાભારત તથા બુનિયાદ સહિતની જુની ધારાવાહિકોનું પુનઃ પ્રસારણ પણ શરુ કરાવ્યુ છે. બીજી તરફ ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની એનસીસી ટીમની કેડેટસ વિદ્યાર્થીનીઓ દ્વારા આ સમયનો ઉપયોગ પણ કોરોના સામેની લડતમાં યોગદાન આપવા માટે કરી રહી છે. પીડીપીયુની એનીસીસી કેડેટસ વિદ્યાર્થીનીઓ દ્વારા ઘરે રહીને કોરોના સામે લોકજાગૃતિ ફેલાવતા સંદેશાના પોસ્ટર્સ બનાવ્યા છે. જેનો ઉપયોગ જાહેર સ્થળોએ જનજાગૃતિ માટે કરવામાં આવશે.



## સુંદરધામ પરિવારનો શ્રમિકો માટે સેવાયજ્ઞ

કોરોના વાઈરસ સંક્રમણને પગલે ગાંધીનગર જિલ્લામાં લાદવામાં આવેલા લૉકડાઉનમાં રોજીંદી મજૂરી કરી ગુજરાન ચલાવતા શ્રમિક પરિવારોને મદદરુપ થવાના સેવાયજ્ઞમાં કથાકાર સંજયભારતી બાપુ તથા દિલીપગુરૂજી સહિત સુંદરધામ પરિવાર પોતાનું યોગદાન આપી રહ્યો છે. રામનવમીના પવિત્ર પર્વે આ સેવાકાર્યનો નિશ્ચય કરવામાં આવ્યો હતો.

## લૉકડાઉનના બંધ દરવાજે સેવાના 'શુકન'...!!



ગાંધીનગર એક જૂટ થઈને કોરોના સામે લડત આપી રહ્યું છે, મોટા ભાગના નાગરિકો લૉકડાઉનના નોર્મ્સનું ગંભીરતાપૂર્વક પાલન કરી રહ્યાં છે તો બીજી તરફ શહેરના સેવાભાવી નાગરિકો જરૂરિયાતમંદોને પેટનો ખાડો પુરવાની દરકાર કરીને તંત્ર માટે રાહત આપવાનું કામ કરી રહ્યા છે. ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારની શુકન આઈ તથા શુકન સ્કાય સોસાયટીના રહીશો દ્વારા છેલ્લા ૧૦ દિવસથી શહેરના સેકટર-૬, ૧૧ અને ૧૨ના જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને સાંજનું ભોજન પુરું પાડવાની સેવા આપી રહ્યા છે. આજે તેમણે આ શ્રમિકોને પુરી-શાક-છાશ સાથે વઘારેલી ખિચડી પીરસી હતી.



ગાંધીનગરમાં એવા ઘણા અંતરિયાળ વિસ્તારો છે જયાં લૉકડાઉનનો ચુસ્તપણે અમલ થઈ રહ્યો નથી. નાની મોટી ચીજવસ્તુઓની ખરીદી માટે ઘરની બહાર નીકળવાથી માંડીને ચોકમાં એકઠા થવા જેવી પ્રવૃત્તિઓ થઈ રહી છે. ગાંધીનગર પોલીસે અહીં લૉકડાઉનનો કડક અમલ કરાવવો જરૂરી છે.



## વાવોલ વિસ્તારમાં પણ હાથ ધરાયું સેનેટાઈઝેશન...!!

વાવોલમાં સોસાયટી વિસ્તારના રહીશો પોતાના વિસ્તાર પ્રત્યે જાગૃત બની વિસ્તારની સુવિધા, સુખાકારી અને મૂલ્યવર્ધન માટે કટિબધ્ધ બન્યાં છે. કોરોના વાઈરસ સંક્રમણની આપત્તિમાં પણ વાવોલના સોસાયટી વિસ્તારમાં પણ અગ્રણી શૈલેષભાઈ પટેલ સહિત યુવા સ્વયંસેવકો દ્વારા ગામ વિસ્તાર સાથે સેનેટાઈઝેશન કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જેથી કોરોના સંક્રમણને ખાળી શકાય. વાવોલ ગામ તથા સોસાયટી વિસ્તારના રહશો આ પ્રયાસને બિરદાવી રહ્યા છે અને સમગ્ર ટીમે હજુ બાકીના તમામ વિસ્તારને સેનેટાઈઝ કરવા કટિબધ્ધતા દાખવી છે.

# 'સરકાર'ના સ્વર્ણિમ સંકુલનું સેનેટાઈઝેશન....!!

કાળમુખા કોરોનાએ ભલે વિશ્વના વિકસિત દેશોને ઘુંટણીયે પાડી દીધા હોય પરંતુ ભારતે હજુ પણ નમતું જોખ્યું નથી. એક તરફ જયાં વડાપ્રધાનના એક આહવાન માત્રથી દેશની જનતા પોતાની જાતને ઘરમાં પુરી દઈ રહી છે તો બીજી તરફ સમગ્ર સરકારી તંત્ર કોરોનાના સંક્રમણને નેસ્ત નાબુદ કરવા દિવસ રાત એક કરી રહ્યું છે. શહેરમાં તમામ જાહેર જગ્યાઓને સેનેટાઈઝ કરવા માટે જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે જે અંતર્ગત જયાં 'સરકાર' બેસે છે તે સ્વર્ણિમ સંકુલ ખાતે પણ સેનેટાઈઝીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.









ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તક વોર્ડ કચેરી સેકટર-૬ ખાતે તમામ સફાઈ કર્મચારીઓ, સુપરવાઈઝર, ઝોનલ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેકટર તથા સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા સફાઈ કર્મચારીઓને કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ચિલોડા નજીક કારમાંથી વિદેશી દારૂની ૧૨ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૪

ચિલોડા નજીક થી કારમાંથી વિદેશી દારુની ૧૨ બોટલ ઝડપાઈ છે. જો કે કાર ચાલક અંધારાનો લાભ લઈ ભાગી છુટવામાં સફળ રહ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ચિલોડા પોલીસને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે ચિલોડા ખાતે રહેતો અંબાલાલ જવાનજી ઠાકોર દારૂ લઈને નીકળવાનો છે. આરોપી જી.જે.૦૧.એચ.બી.-૭૪૫૫ નંબરની ફ્રન્ટીમાં દારુ ભરીને ઈસનપુર મોટ ગામ તરફથી આવી રહ્યો હોવાની બાતમીને પગલે પોલીસ ઉમિયાનગર પાસે વોચમાં હતી. રાત્રે ૧૦વાગ્યાના અરસામાં કાર આવતા પોલીસે કાર રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ કાર ચાલકે કાર દોડાવી મુકી હતી જેથી પોલીસે કારનો પીછો કરતા કારનો ડ્રાઈવર ચિલોડા પ્રાથમિક શાળા પાસે આરોપી અંબાલાલ કાર મુકીને અંધારાનો લાભ લઈ નાસી છુટ્યો હતો. પોલીસે કાર ચેક કરતા તેમાંથી વિદેશી દારુની ૧૨ બોટલ કિ.૪૨૦૦, ૩૦ હજારની ગાડી અને ૧ મોબાઈલ મળી કુલ રૂ.૩૬,૨૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા દ્વારા સેક્ટર-૨૬ સ્થિત કિસાનનગરના ઘરે ઘરે જઈને સેનીટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## કોરોનાના કહેરમાં ગુજરાત સરકાર કુણાલ સ્ટ્રકચર ઈન્ડિયા પ્રાઈવેટ લિમટેડના ચેરમેન દ્વારા ૧૧ લાખનું દાન

ગાંધીનગર, તા.૪

સમગ્ર વિશ્વમાં વ્યાપેલી મહામારી કોવિડ-૧૯ થી ભારત વર્ષ અને આપણું રાજ્ય ગુજરાત પણ બાકાત રહ્યું નથી. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસ ના લોકડાઉનના આહ્વાનથી સમગ્ર દેશમાં કરફ્યુ જેવું વાતાવરણ છે. ગરીબ તેમજ સામાન્ય માનવીને તકલીફ ના પડે તે માટે માં ભારતીના સંતાનો, સામાજિક સંસ્થાઓ અને દાનવીરો પણ આ કાર્યમાં યથા યોગ્ય સહયોગ આપી માતૃભૂમિનું ઋણ અદા કરી રહ્યા છે.

જ્યારે આપણું રાષ્ટ્ર અને રાજ્ય આ કપરા કાળ માંથી પસાર થઈ રહ્યા છીએ ત્યારે કુણાલ સ્ટ્રકચર ઈન્ડિયા પ્રાઈવેટ લિમટેડના ચેરમેન અને સૌરાષ્ટ્રના જાણીતા બિલ્ડર અરવિંદભાઈ દોમાડિયાએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને મુખ્યમંત્રી રાહત ફંડમાં અંકે રૂપિયા અગિયાર લાખનું અનુદાન આપી શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમની આ રાષ્ટ્રહિત સેવા કાર્ય બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ અસોશિએશનના પૂર્વ પ્રમુખ અને અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર ડો. જયદીપસિંહ ડોડીયા તેમજ અંગ્રેજી બોર્ડ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચેરમેન ડો. મુકેશ ભેસાણીયા દ્વારા તેમને સરાહના સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## સેકટર-૨૪ ખાતે મનપાની ઢોરપકડ પાર્ટી પર હુમલો

### ૧૫ થી વધુ શખ્સો અચાનક આવી ગયા અને હોબાળો મચાવી હુમલો કર્યો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે શનિવારના સાંજના સુમારે મહાનગર પાલિકાની ઢોર પકડ પાર્ટી અને પોલીસ પર હુમલાની ઘટના સામે આવી છે. ઢોર પકડ પાર્ટી સેકટર-૨૪ વિસ્તારમાં ઢોર પકડવા માટે ગઈ હતી તે સમયે કેટલાક ૧૫ થી વધુ શખ્સો અચાનક આવી ગયા હતા અને હોબાળો મચાવી કોઈ કંઈ સમજે કે વિચારે તે પહેલા હુમલો કરી દીધો હતો. એકઠા થયેલા શખ્સોએ ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓ તેમજ પોલીસ પર પથ્થરમારો કરતા પોલીસ કર્મચારીઓ અને પાર્ટીના કર્મચારીઓને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી છે. બનાવ અંગે પોલીસને જાણ થતા જ તાત્કાલીક પોલીસનો કાફલો ઘટના સ્થળે આવી ગયો હતો. સમગ્ર બનાવનો વિડીયો પોલીસ પાસે હોવાની માહિતી મળી છે જેને પગલે પોલીસ હુમલો કરનાર અસામાજીક તત્વો આઈડેન્ટીફાય કરીને ગુનો નોંધશે. જયારે બીજીતરફ સ્થાનિક નાગરીકોનું કહેવુ છે કે ઢોરપકડ પાર્ટીના કર્મચારીઓ બાંધેલા ઢોર પણ લઈ જવાની કોશિશ કરતા હતા. જેને પગલે આ અંગે હોબાળો મચ્યો હતો અને વાત વણસી હતી. સેકટર-૨૧ પોલીસે હુમલો કરનાર શખ્સોને શોધવાની કામગીરી તેજ કરી છે.

# સંસ્થાઓ અને નાગરિકો દ્વારા લોકડાઉનમાં લોકસેવા...!!



## સે-૨૯ અમન પાર્કના મુસ્લિમ યુવાનો દ્વારા દરરોજ ૮૦૦ માણસો માટે જમવાની વ્યવસ્થા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર જિલ્લામાં લોકડાઉનની સ્થિતિમાં કપરી હાલતમાં મૂકાયેલા શ્રમજીવી ગરીબ પરિવારો, જરૂરિયાતમંદોને વિવિધ સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ તથા સેવાભાવી નાગરિકો તરફથી અનાજ, પાકું ભોજન, નાસ્તો તેમજ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરી સહાય પહોંચાડવામાં આવી રહી છે.

લોકડાઉનના શરૂઆતના દિવસોથી જ શહેરના સે-૨૯ ખાતેના અમનપાર્કના મુસ્લિમ સમાજના ભાઈઓ દ્વારા રોજ ૮૦૦ વ્યકિતઓ માટેનું પાકું ભોજન તૈયાર કરીને સે-૨૫, ઘ-૫ થી ગોકુલપરા, ઘ-૭ના છાપરા, જી.ટી.એસ., જીઈબી, પેથાપુરના ગરીબ શ્રમજીવીઓ તેમજ ઝુંપડપટ્ટીના રહીશો ઉપરાંત રસના કોલા બંધ રાખીને લોકડાઉનમાં કેદ રહેલા પરપ્રાંતિયોને પણ રૂબરૂ જઈને પહોંચાડવાનું ઉમદા અભિયાન લોકડાઉનના શરૂઆતના દિવસોથી જ અવિરત ચાલી રહ્યું છે.



# ઉચ્ચ શિક્ષણની કચેરીઓના કર્મચારીઓનો મુખ્યમંત્રી ફંડમાં ફાળો

ગાંધીનગર, તા.૪

ઉચ્ચ શિક્ષણની કમિશનરની કચેરી અને તેની સંલગ્ન કચેરીઓના ત્રીજા વર્ગના કર્મચારીઓએ કોરોના સામે લડવા પોતાનો એક મહિનાનો પગાર મુખ્યમંત્રી ફંડમાં જમા કરાવવાનો નિર્ણય લીધો છે. એપ્રિલ-૨૦૨૦ના પગારમાંથી ફાળો સીધો જ મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરવામાં આવશે.

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી અને તેની સંલગ્ન કચેરીઓના ત્રીજા વર્ગના (મીનીસ્ટેરીયલ) કર્મચારીઓનું મંડળ, ગુજરાત રાજય, ગાંધીનગરના પ્રમુખ નાગજીભાઈ વી. ચૌધરી મહામંત્રી પંકજકુમાર એસ. પટેલ અને ઉપપ્રમુખ સુશ્રી ગીતાબા આર. ચૌહાણે જણાવ્યું છે કે હાલમાં સમગ્ર વિશ્વના જુદા જુદા દેશો નોવેલ કોવીડ-૧૯ કોરોના વાયરસની મહામારીનો સામનો કરી રહ્યા છે. જેમાં આપણો દેશ અને રાજયના અનેક લોકો આ મહામારીનો ભોગ બની ચુકયા છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આ નોવેલ કોરોના વાઈરસના સંક્રમણથી પીડીત લોકોની સારવાર માટે તેમજ આ વાઈરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા અને આ મહામારી સામે સક્ષમતાથી લડત આપી તેને નેસ્તનાબૂદ કરવા માટે આરોગ્યલક્ષી અનેક સારા પગલાં ભરી રહ્યા છે જે ખુબ જ પ્રશંસનીય છે.

ત્યારે આફતની આવી પડેલી આ ઘડીમાં રાજય સરકારશ્રી સાથે કદમ મેળવવા આ સેવાયજ્ઞમાં સામેલ થઈને રાજયના શિક્ષણ ખાતાના જુદા જુદા ખાતાના વડાઓની કચેરીઓ તથા જિલ્લા કક્ષાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો તથા જુદી જુદી કચેરીઓ અને સરકારી કોલેજો અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ના વહીવટી સંવર્ગના સમગ્ર રાજયના કર્મચારીઓના એપ્રિલ ૨૦૨૦ના પગારમાંથી એક દિવસના પગારની રકમનો ફાળો જે તે કચેરીઓના પગારબીલમાંથી જ સીધો મુખ્યમંત્રીના રાહત ફંડમાં જમા કરાવવાની સંમતિ આપી છે. જે આ મહામારીના કપરા સમયમાં આ રીતે પોતાનું યોગદાન આપીને આ મંડળે માનવતાનું ઉત્તમ કાર્ય કર્યું છે.